**સુરત મહાનગરપાલિકા**

**ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત)**

ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત

(વેબસાઈટ : http://www.suratmunicipal.gov.in)

# <u>જાહેરાત</u>

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિવિધ ઠરાવોથી રાજયની મહાનગરપાલિકાના વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સહજ,સુલભ અને આરોગ્ય માળખુ સુદઢ બને તે હેતુસર ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ અંતર્ગત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે સુરત મહાનગરપાલિકામાં ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) નામનું અલગ માળખું ઉભું કરી નીચે જણાવ્યા મુજબની નિયમીત જગ્યાઓ હંગામી ધોરણે ગુજરાત સરકારશ્રી ધ્વારા ૧૦૦ % ગ્રાંટ આધારિત ફાળવવામાં આવેલ છે.

**(નોંધ :ઉકત જગ્યા પર નિમણુંક પામેલ ઉમેદવારને સુરત મહાનગરપાલિકાનાં કર્મચારી ગણવામાં આવશે નહીં)**

જાહેરાત ક્રમાંક : પી.આર.ઓ./૪૦૦/૨૦૨૨–૨૩, તા.૧૭/૦૯/૨૦૨૨ થી ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) ખાતે નીચે દર્શાવેલ કેડરની હાલમાં ખાલી તથા ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી ઉભી થનાર જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પસંદગી / પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર ફકત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકથી તા.૩૦/૦૯/૨૦૨૨ રાત્રીના ૧૧:૦૦ કલાક દરમ્યાન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ <u>https://www.suratmunicipal.gov.in</u> પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલા નીચે જણાવેલ ભરતીને લગતી માહિતી અને સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત | | | | | કુલ જગ્યા પૈકી દિવ્યાંગ માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વ. | આ. ન. વ. | બિન અનામત | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વ. | આ. ન. વ. | બિન અનામત | |
| ૧ | ગાયનેકોલોજીસ્ટ,વર્ગ–૧ | ૫ | ૧ | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | – | – |
| | ગાયનેકોલોજીસ્ટ,વર્ગ–૧ સંભવિત ખાલી પડનાર જગ્યા | ૧ | – | – | – | – | ૧ | – | – | – | – | – | – |
| ૨ | પીડીયાટ્રીશીયન,વર્ગ–૧ | ૩ | ૧ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – |
| | પીડીયાટ્રીશીયન,વર્ગ–૧ સંભવિત ખાલી પડનાર જગ્યા | ૧ | – | – | – | – | ૧ | – | – | – | – | – | – |
| ૩ | મેડીકલ ઓફિસર,વર્ગ–૨ | ૪ | – | – | – | ૪ | – | – | – | – | ૧ | – | – |

નોંધ :– ગાયનેકોલોજીસ્ટ વર્ગ–૧ અને પીડીયાટ્રીશીયન વર્ગ–૧ ની સંભવિત જગ્યામાં દર્શાવેલ બિન અનામત કક્ષાની ૧–૧ જગ્યાઓ હાલ ઉપલબ્ધ નથી. પરંતુ ભવિષ્યમાં સંભવિત ખાલી પડનાર બિનઅનામત કક્ષાની જગ્યા માટે ફકત મેરીટનાં ધોરણે પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર ગાયનેકોલોજીસ્ટ વર્ગ–૧ અને પીડીયાટ્રીશીયન વર્ગ–૧ ની બિનઅનામત જગ્યા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. પ્રતિક્ષા યાદીની મુદૃત પુર્ણ થાય ત્યાં સુધીમાં જો બિન અનામત કક્ષાની જગ્યા ખાલી પડશે તો જ પ્રતિક્ષા યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોને નિમણુંક મળવાપાત્ર છે, અન્યથા પ્રતિક્ષા યાદી મુદૃત પુરી થયેથી રદ થવા પાત્ર છે.

## –:: સામાન્ય સુચનાઓ ::–

1. ઉપરોકત જગ્યાઓ સરકારશ્રીની ગ્રાન્ટ મળે ત્યાં સુધી હંગામી ધોરણે ઉભી કરવામાં આવેલ છે. સરકારશ્રીની ગ્રાંટ / પ્રોજેકટ બંધ થયેથી સદર મહેકમ ઉપર નિમાયેલા ઉમેદવારોને છૂટા કરવાના રહેશે તે શરતે નિમવામાં આવશે. જે અંગે ઉમેદવાર ભવિષ્યમાં કાયમી કરવા અથવા અન્ય લાભો મેળવવાને હક્કદાર રહેશે નહીં. તથા નિમણૂંક પામનાર ઉમેદવારને સુરત મહાનગરપાલિકાનાં કર્મચારી ગણવામાં આવશે નહીં.

2. ઉપરોકત કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી ને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા જે તે જગ્યાની બેઝીક લાયકાત અને / અથવા અનુભવ ધ્યાને લઈ રીટર્ન ટેસ્ટ / પ્રેકટીકલ ટેસ્ટ/ મૌખિક ઈન્ટરવ્યુ લેવા અંગેના માપદંડ નકકી કરાશે અને તે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને વેબસાઈટ ઉપર કોલલેટર પ્રસિધ્ધ કર્યેથી જણાવવામાં આવશે અથવા તેઓએ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે.

3. આપેલ જાહેરખબર કોઈપણ કારણોસર રદ કરવાની કે કોઈ એક કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો મ્યુનિસિપલ કમિશનરશ્રીને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

4. ઉપરોકત જગ્યાઓ માટેના ઉમેદવારોએ નિયત કરવામાં આવે તે પરીક્ષા માટે જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે. જે અંગે ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) દ્વારા કોઈ પણ પ્રકારનું ભથ્થું ચુકવવામાં આવશે નહી.

5. આ જાહેરાત માટે જરૂર પડયેથી ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ જે તે સમયે વર્તમાનપત્રો અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે તથા મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ ભરતીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ જાળવી રાખવો. જે આપના હિતમાં રહેશે. ઈ–મેઈલ કે ફોન નંબર બદલવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે ગુજરાત અર્બન હેલ્થ પ્રોજકટ(સુરત) જવાબદાર રહેશે નહી.

   સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in જોતા રહેવા વિનંતિ છે.

6. અરજી કરનાર ઉમેદવારે તેઓની નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં વર્ગ–૧ અને વર્ગ–૨ નાં કર્મચારીએ "CCC+" અને  વર્ગ–૩ નાં કર્મચારીએ "CCC" ની પરીક્ષા ગુજરાત સરકારશ્રીના વિવિધ ઠરાવો દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ સંસ્થા મારફત પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય તો તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

7. અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક નબળા વર્ગની અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાત રાજયના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત ગણાશે.

8. અનામત કેટેગરીના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમની પસંદગી માટેના ધોરણો બિનઅનામત કેટેગરીના જ લાગુ પડશે.

9. જાહેરાતમાં દર્શાવેલ જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે ૩૩% અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાય બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી મેરીટના ધોરણે કરવામાં આવશે. દા.ત.  કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે, પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા મહિલા તેમજ પુરૂષ ઉમેદવારોથી મેરીટના ધોરણે ભરવામાં આવશે.

   મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સંબંધિત કેટેગરી (બિનઅનામત[GENERAL], અ.જા. [S.C], અ.જ.જા. [S.T], સા.શૈ.પ.વ. [S.E.B.C], આ.ન.વ. [E.W.S]) ના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

10. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં સમયે જણાવેલ ડોકયુમેન્ટ, જયારે પ્રેકટીકલ / લેખિત પરીક્ષા લેવામાં આવે ત્યારબાદ ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ(સુરત) દ્વારા માંગણી કર્યેથી ઉમેદવારે જે ડોકયુમેન્ટના આધારે વિગત ભરેલ હોય તે તમામ ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે ઓરીજીનલ તથા તેની એક પ્રમાણિત નકલ તથા નીચે જણાવેલ પુરાવાઓ  રજુ કરવાના રહેશે તેમજ વેરીફીકેશન સમયે રજુ કરેલ પુરાવાઓમાં તેમજ ઓનલાઈન અરજીમાં

| **—:: શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ પગારધોરણની વિગત ::—** | | |
|---|---|---|
| ૧ | જગ્યાનું નામ | ગાયનેકોલોજીસ્ટ,વર્ગ—૧ |
| | શૈક્ષણિક લાયકાત | (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા માન્ય યુનિવર્સિટી / સંસ્થા કે ડીમ્ડ યુનિવર્સિટીની એમ.બી.બી.એસ.ની પદવી અથવા એમ.સી.આઈ એકટ ૧૯૫૬ ના પ્રથમ અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ લાયકાત **અને**<br>(૨) (અ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા અથવા તે હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ યુનિવર્સિટીની ગાયનેકોલોજી વિષયમાં અનુસ્નાતક ડિપ્લોમા અથવા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ધ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોય અને સરકારી / બિન—સરકારી / ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં બે વર્ષનો અનુભવ **અથવા**<br>(બ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા અથવા તે હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ યુનિવર્સિટીની એમ.ડી.(ગાયનેકોલોજી) અથવા એમ.એસ. (ઓબ્સ્ટેટ્રીકસ એન્ડ ગાયનેકોલોજી) ની પદવી અથવા નેશનલ બોર્ડ ઓફ એકઝામિનેશન્સ ધ્વારા આપવામાં આવેલી ડિપ્લોમેટની ડીગ્રી અથવા ઓબ્સ્ટેટ્રીકસ એન્ડ ગાયનેકોલોજી વિષયમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ધ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.<br>(૩)ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો—૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરનાં ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૪)ઉમેદવાર ગુજરાતી અને હીન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.<br>(૫)ગુજરાત મેડીકલ કાઉન્સીલ એકટ—૧૯૬૭ અથવા અન્ય અનુરૂપ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન થયેલુ હોવું જોઈશે. |
| | પગાર ધોરણ | લેવલ ૧૧ પે મેટ્રીકસ રૂ.૬૭૭૦૦—૨૦૮૭૦૦ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૪૦ વર્ષ |
| ૨ | જગ્યાનું નામ | પીડીયાટ્રીશીયન,વર્ગ—૧ |
| | શૈક્ષણિક લાયકાત | (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા માન્ય યુનિવર્સિટી / સંસ્થા કે ડીમ્ડ યુનિવર્સિટીની એમ.બી.બી.એસ.ની પદવી અથવા એમ.સી.આઈ એકટ ૧૯૫૬ ના પ્રથમ અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ લાયકાત **અને**<br>(૨) (અ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા અથવા તે હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ યુનિવર્સિટીની પીડીયાટ્રીકસ વિષયમાં અનુસ્નાતક ડિપ્લોમા અથવા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ધ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોય અને સરકારી / બિન—સરકારી / ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં બે વર્ષનો અનુભવ **અથવા**<br>(બ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા અથવા તે હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ યુનિવર્સિટીની એમ.ડી.(પીડીયાટ્રીકસ) અથવા નેશનલ બોર્ડ ઓફ એકઝામિનેશન્સ ધ્વારા આપવામાં આવેલી ડિપ્લોમેટની ડીગ્રી અથવા પીડીયાટ્રીકસ વિષયમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ધ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.<br>(૩)ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો—૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરનાં ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.<br>(૪)ઉમેદવાર ગુજરાતી અને હીન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.<br>(૫)ગુજરાત મેડીકલ કાઉન્સીલ એકટ—૧૯૬૭ અથવા અન્ય અનુરૂપ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન થયેલુ હોવું જોઈશે. |
| | પગાર ધોરણ | લેવલ ૧૧ પે મેટ્રીકસ રૂ. ૬૭૭૦૦—૨૦૮૭૦૦ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૪૦ વર્ષ |
| ૩ | જગ્યાનું નામ | મેડીકલ ઓફીસર વર્ગ—૨ |
| | શૈક્ષણિક લાયકાત | (૧)ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમ ધ્વારા અથવા તે હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ કોઈપણ યુનિવર્સિટીમાંથી મેળવેલ બેચલર ઓફ મેડિસિન અને બેચલર ઓફ સર્જરી (એમ.બી.બી.એસ.) ડિગ્રી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એકટ—૧૯૫૬ ની કલમ—૩ હેઠળ યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત અથવા યુનિવર્સિટી તરીકે જાહેર કરાયેલી કોઈપણ અન્ય શૈક્ષણિક સંસ્થા અથવા મેડીકલ કાઉન્સીલ એકટ ૧૯૫૬ હેઠળ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.<br>(૨)ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો—૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરનાં ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો |

| | | |
|---|---|---|
| | | જોઈશે.<br>(૩)ઉમેદવાર ગુજરાતી અને હીન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.<br>(૪)ગુજરાત મેડીકલ કાઉન્સીલ એકટ–૧૯૬૭ અથવા અન્ય અનુરૂપ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન થયેલુ હોવું જોઈશે. |
| | પગાર ધોરણ | લેવલ ૯ પે મેટ્રીકસ રૂ. ૫૩૧૦૦–૧૬૭૮૦૦ ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષ |

**–:: વયમર્યાદા ::–**

**વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે. આ જાહેરાતમાં જે કેટેગરીના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કેટેગરીના મૂળ ગુજરાતનાં હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીનાં વખતોવખતની જોગવાઈઓને આધિન તથા છેવટનાં સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.પ. તા.૧૪/૧૦/૨૦૨૧ ની જોવાઈઓને આધિન છુટછાટ મળવાપાત્ર રહેશે. નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.**

**નોંધ :–** **તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં. અનામત કેટેગરીના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી કરશે, પરંતુ તેમને પસંદગી માટેના નિયમો / ધોરણો બિનઅનામત કેટેગરીના જ લાગુ પડશે.**

